# ધોરણ - ૧૦

# વિષય – ગુજરાતી

# સ્વાધ્યાય

## પાઠ – ૧૦

## ડાંગવનો અને...

વિધાર્થીનું નામ :

શાળાનું નામ :

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# ડાંગવનો અને....

Page No.
DATE: / /

લેખક : મહેન્દ્રસિંહ પરમાર
સાહિત્યપ્રકાર : નિબંધ
સંદર્ભ : 'રખડુનો ડાગળ' માંથી

## શબ્દસમજૂતી

ઘરોબો - નિકટતા, પરિવાર જેવો સંબંધ
આછેરો - થોડો
ક્ષિતિજ - પૃથ્વી આકાશ સાથે મળતી દેખાય તેવી કલ્પિત રેખા, (અહીં) ક્ષિતિજ સુધી
ધિક્કાર - ખૂબ જ, અતિશય
ગાયબ - અદૃશ્ય
અંજલિ - ખોબો
શંકિત - શંકાશીલ
આદિમ - પ્રારંભનું, મૂળનું
વનસંપદા - વનની સંપત્તિ
હેમ - સુવર્ણ, સોનું, કનક
છાક - નશો, કેફ
ઓઘ - સમૂહ
સાન્નિધ્ય - સમીપતા
ગજચૂપ - હાથીનું ટોળું
સાયુજ્ય - એક થઈ જવું તે
બુભુક્ષુ - ભૂખ્યું
રૂબરૂ - પ્રત્યક્ષ
ગિરા - વાણી, ભાષા
ઘાયલ - જખમી (અહીં) પ્રેમની આતપ્રોત

## વિરુદ્ધાર્થી શબ્દો

પ્રત્યક્ષ x પરોક્ષ
નજીક x દૂર
અસમર્થ x સમર્થ

## તળપદો શબ્દ

હાંઉ - બસ

## શબ્દસમૂહ માટે એક શબ્દ

આંખને ગમી જાય તેવું - નયનરમ્ય
મનને હરી લે તેવું - મનોહર

Page No.
DATE: / /

# સ્વાધ્યાય

1\. 1) અંકલેશ્વરને મિત્રો મજાકમાં શું કહેતા ?
-> ગંદકેશ્વર

2) શેના કારણે બાગનાં ઝાડ શણગારેલાં લાગે છે ?
-> આગિયાના કારણે

2\. 1) શાના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા ?
-> મૃત્યુના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા.

2) ગિરમાળનો ધોધ કઈ નદી પરથી પડતો હતો ?
-> ગિરમાળનો ધોધ ગિરા નદી પરથી પડતો હતો.

3\. 1) લેખકની મુસાફરી યાત્રા બની રહેતી કારણ કે...
-> લેખકની મુસાફરી એમને માટે યાત્રા બની રહેતી, કારણ કે દરેક મુસાફરીમાં તેમની તમામ વૃત્તિઓ ફરીકામ થઈ જતી, કાહીકમરી બની જતી. તેમને સૌંદર્યના અસ્તિત્વની શ્રેષ્ઠતા અને ભવ્યતા બંનેનો નજીકથી બારીક અનુભવ થતો. એમાં તેમનું પોતાનું અસ્તિત્વ ધીમે ધીમે નાનું થઈને સાવ ઓગળી જતું અનુભવાતું.

2) લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખાવે છે કારણ કે...
-> લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખાવે છે, કારણ કે જેમ માછીમારો જળ નાખીને માછલાંની રાહ જોતાં ઊભા હોય તેમ પોતે પણ એકરૂપ બની ગયેલાં નદી, ધોધ અને તળાવનાં રમ્ય રૂપને જોતા ઊભા છે. એ રૂપને જાણે પોતે શબ્દોમાં પકડવા મથી રહ્યા છે. ભાષાને પણ જાણે ઊર્મિ મળે છે.

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com
Scanned with OKEN Scanner

Page No.
DATE: / /

4. આહવાની વનસંપદાના મનોહર રૂપનું વર્ણન કરો.

→ આહવાની વનસંપદા મંત્રમુગ્ધ કરે તેવી છે. એની રંગરમણા અદ્ભુત છે. નોખાં માનવવસવાટની ઝાંખી કરાવતાં ઘરો લાલ પર્ણોનાં હોય તેવાં લાગે છે. એ ઘર સુધી પહોંચવા માટેની ભૂખરી કેડી (રસ્તો) સાપના આકારની છે. સૂર્ય સાથે હરીફાઈ કરવા મથતા હોય તેવા સાગની અને જમીન પર પથરાયેલા ઘાસની પોતપોતાની લીલપ (લીલાશ) છે. એ બંનેનો તોર (મિજાજ) સૂર્યપ્રકાશથી ચડિયાતો છે. આ દૃશ્ય નયનરમ્ય છે. પવનની સાથે ઘુમરાઈને ઉપર વહી આવતા રંગ-ગંધ-અવાજના ત્રિવિધ રૂપની, ઊંડા શ્વાસ લેવાથી સમગ્ર અસ્તિત્વમાં અનુભૂતિ થાય છે. પવનની મદદ લાકડી કરે ને આ દૃશ્ય-શ્રાવ્ય ચલચિત્રમાં પરિવર્તન થતું રહે. થોડા સમય પહેલાં વરસાદે આ રંગભૂમિના વાતાવરણને જ બદલી નાખ્યું હતું. પ્રત્યક્ષપણે નજરે જોવાથી એના અલગ જ સ્વાદનો અનુભવથાય છે. વિશ્વની કોઈ પણ સ્પંદનશીલ ચેતનાને સ્પર્શે તેવી આહવાની વનસંપદાની મનોહર દુનિયા છે.

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION